અપીલ અરજી નં.૩૨૨ તા.૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી "આપના વિભાગ તરફથી અગાઉ બેલદારોની ભરતી અંગેની જાહેરાતમાં અરજી ફોર્મનું વિતરણ કર્યાબાદ અરજી પત્રકો ભરાઈને પરત આવ્યા બાદ બેલદારોના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નહિં અને તા.૨૧–૧૧–૨૦૦૯નાં રોજની આપની કચેરીની જાહેરાતના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૬૨ ની જાહેરાતના બેલદારો તથા સફાઈ કામદારોના ઈન્ટરવ્યુ ચોકકસ તારીખની માહિતીની નકલ, વિતરણ કરેલ ફોર્મની કુલ સંખ્યાની વિગત, નકલ સહી સિકકા સહીતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૨/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી " આપના વિભાગ તરફથી અગાઉ બેલદારોની ભરતી અંગેની જાહેરાતમાં અરજી ફોર્મનું વિતરણ કર્યાબાદ અરજી પત્રકો ભરાઈને પરત આવ્યા બાદ બેલદારોના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નહિં અને તા.૨૧–૧૧–૨૦૦૯નાં રોજની આપની કચેરીની જાહેરાતના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૬૨ ની જાહેરાતના બેલદારો તથા સફાઈ કામદારોના ઈન્ટરવ્યુ ચોકકસ તારીખની માહિતીની નકલ, વિતરણ કરેલ ફોર્મની કુલ સંખ્યાની વિગત, નકલ સહી સિકકા સહીતની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૯૫ તા.૪–૧૨–૦૯ તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ/ ૧૨૫૮ તા.૧૬–૧૨–૦૯ થી આપેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૮ તા.૭–૧–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અકિારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૧૪ તા.૧૮–૧–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, સે.ઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૫૯ તા.૨૭–૧૧–૦૯ થી તબદીલ કર્યાના પત્રની નકલ તથા પર્સોનલ ઓફિસર મહેકમ અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી સીવીક સેન્ટર સેન્ટ્રલઝોન,અઠવાઝોન, રાંદેરઝોન, કતારગામઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન તથા રેકર્ડ વિભાગને મુદ્દા નં.૧ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૮૬ તા.૨–૧૨–૦૯ થી તબદીલ કર્યાના પત્રોની નકલ, અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી તા.૨૧–૧૧–૦૯ ના રોજની જાહેરાતમાં બેલદારો તથા સફાઈ કામદારોના કુલ અરજી ફોર્મના વિતરણની સંખ્યાની વિગતની માહિતીની નકલ, ઈન્ટરવ્યુના ચોકકસ તારીખની નકલ, અને જાહેરાત દફતરે નહીં કરવાની માહિતીની નકલ સહી સિકકા સહિત માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને પર્સોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૭૯૫ તા.૪–૧૨–૦૯ થી તા.૨૧–૧૧–૦૯ ના રોજ કચેરીએથી આપવામાં આવેલ બેલદાર/સફાઈ કામદારની જાહેરાતના અનુસંધાને કુલ કેટલા ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે તેની માહિતી કચેરીએથી ઉપલબ્ધ થઈ કે તેમ નથી તેથી સદર માહિતી જે તે ખાતાને લગતી હોય તેઓને કચેરીએથી તા.૨–૧૨–૦૯ ના રોજ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૭૮૬ તા.૨–૧૨–૦૯ થી તબદીલ કરવામાં આવેલ વિગતે સદર માહિતી જે તે ખાતાના જાહેર માહિતી અધિકારી પાસેથી મેળવવાની રહે છે તેવું જણાવેલ. વધુમાં મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને સદર જાહેરાત અન્વયે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી તા.૧૪–૧૨–૦૯ સુધી ફોર્મ ભરી સ્વીકારવામાં આવશે જેથી મુદત વીત્યા બાદ આવેલ તમામ અરજીઓ સ્કુટીની કરતાં કેટલો સમય જાય તે હાલના તબકકે ચોકકસ તારીખ આપી શકાય તેમ નથી . તેમ છતાં વેલીડ પાત્ર ઉમેદવારોના ઈન્ટરવ્યુ બાબતે સક્ષમ સત્તા ધ્વારા નિર્ણય લેવાયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૧ અંગે તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૬૨ અન્વયે બેલદાર તથા સફાઈ કામદારોના અરજી ફોર્મના વિતરણ તથા વેચાણ અંગેની માહિતી સેકશન ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (રેકર્ડ) તરફથી આરકે/આ.નં.૩૮૨ તા.૧૬–૧૨–૦૯ થી અરજદારને રેકર્ડ વિભાગ ધ્વારા ૧૬,૪૯૦, જુદા જુદા ઝોનને વિતરણ કરેલ સંખ્યા સેન્ટ્રલઝોન ૨૦,૫૦૦, રાંદેરઝોન ૮,૫૦૦ કતારગામઝોન ૯૦૦૦,

અઠવાઝોન ૬૦૦૦, ઉધનાઝોન ૧૧૦૦૦, વરાછાઝોન ૭૦૦૦, લીંબાયતઝોન ૮૦૦૦ ફોર્મનું વિતરણ કરવામાં આવેલછે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૫૮ તા.૧૬–૧૨–૦૯ થી તા.૨૩–૧૧–૦૯ થી તા.૨–૧૨–૦૯ સુધી ફોર્મના વિતરણની સંખ્યા ૧૪,૩૧૬ આપવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૮૧ તા.૧૭–૧૨–૦૯ થી તા.૨૩–૧૧–૦૯ થી તા.૧૪–૧૨–૦૯ સુધીમાં કુલ્લે ૪,૮૭૦ના ફોર્મના વિતરણની માહિતી આપવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ//૪૬૭ તા.૧૮–૧૨–૦૯ થી તા.૨૧–૧૧–૦૯ થી કુલ્લે ૬,૪૦૬ ફોર્મના વિતરણની માહિતી આપવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૫૪૩ તા.૧૯–૧૨–૦૯ થી ૯૫૦૦ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૯૩ તા.૨૩–૧૨–૦૯ થી લીંબાયતઝોનમાં ૩૧૫૦ ડીંડોલી સીવીક સેન્ટર ખાતે ફોર્મ નંગ–૧૩૨૭ તથા મારુતિ સીવીક સેન્ટર ખાતે ૨૭૪૪ કુલ્લે ફોર્મ નંગ–૭૨૨૧ નું વિતરણ કરવામાં આવેલ છે તેવી માહિતી આપેલ. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૫૩૭ તા.૨૪–૧૨–૦૯ થી તાડવાડી સીવીક સેન્ટર ખાતે ૬૧૫૭ ફોર્મ તથા ભુલકાભવન સીટી સીવીક સેન્ટર પર ૨૨૭૯ ફોર્મ મળીને કુલ્લે ૮૪૩૬ ફોર્મનું વિતરણ થયેલ છે જેની માહિતીની નકલ રૂા.૨/– ફી ભર્યેથી મળી શકશે તેવી માહિતી આપેલ. આમ અરજદારને ફોર્મ વિતરણ અંગેની ઉધનાઝોન સિવાયની ઝોનવાઈઝ તથા રેકર્ડ વિભાગ તરફથી એકત્રિત માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જે બાબતે અરજદારે તા.૧–૧–૧૦ ના રોજ માહિતીની નકલ નહીં આપવાથી તથા ખોટી માહિતી આપ્યાની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં રેકર્ડ વિભાગની એકત્રિત માહિતી તથા ઝોનવાઈઝ આપેલી માહિતીના સમયગાળાની માહિતીની સરખામણી કરી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજી સ્વીકારવાની અંતિમ તા.૧૪–૧૨–૦૯ હોવા છતાં અરજદારે તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી ફોર્મ વિતરણની માહિતી વિતરણના ચાલુ સમયગાળા દરમ્યાન કરેલ આરટીઆઈ એકટની કલમ–૭(૧) અનુસાર મહત્તમ દિન–૩૦ થી વધુ નહીં તેવા સમયમાં માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેથી અંતિમ તારીખ સુધી જાહેર માહિતી અધિકારી રાહ જોઈ માહિતી આપવાની કાર્યવાહી ઠરે તે જોગવાઈ સાથે સુસંગત ગણાય નહીં. તેમ છતાં અરજદારને તા.૨૫–૧૧–૦૯ ની અરજીના અનુસંધાને માહિતી પૂરી પાડયાની તારીખ સુધીની ઉપલબ્ધ વિગતો સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. વધુમાં અન્ય મુદ્દા ૨ અંગે પણ મહેકમ વિભાગ તરફથી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં આરટીઆઈ એકટની કલમ–૮(૧) (ટ) ધ્વારા નિર્ણય હેઠળની માહિતી નિર્ણ ય લેવાય નહીં ત્યા સુધી મુકિત હેઠળ આવે છે તેનો આગ્રહ રાખેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. નિર્ણય હેઠળની માહિતી અરજદાર ઈચ્છુક હોય તો નિર્ણય લેવા બાદ લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન,...જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,